# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તમામ આફ્રિકન દેશ સાથે પરસ્પર લાભદાયી અને સ્થાયી ભાગીદારી માટે પ્રતિબદ્ધતા દર્શાવી.

2) ભારતે પાકિસ્તાની જહાજો, વેપાર અને ટપાલ સેવાઓ પર પ્રતિબંધ મૂક્યા.

3) દેશના પાંચ હજારથી વધુ કેન્દ્ર પર આજે 22 લાખથી વધુ વિદ્યાર્થીઓ - NEETની પરીક્ષા આપશે.

4) મુંબઈમાં યોજાયેલા ચાર દિવસના –વેવ્ઝ સંમેલનનું આજે સમાપન થશે.

5) બદ્રીનાથ ધામના કપાટ આજે સવારે પરંપરાગત પૂજા-વિધિ સાથે ખોલાયા.

6) ખેલો ઇન્ડિયા યુવા રમતોત્સવનો આજે બિહારના પટના ખાતે રંગારંગ પ્રારંભ થશે.

……………………………………………………………………

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ-ANGOLA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, ભારત તમામ આફ્રિકન દેશો સાથે પરસ્પર લાભદાયી અને સ્થાયી ભાગીદારી માટે પ્રતિબદ્ધ છે. રાષ્ટ્રપતિ ભવનમાં સુશ્રી મુર્મુ અને અંગોલાના રાષ્ટ્રપ્રમુખ જોઆઓ લોરેન્સો વચ્ચે મુલાકાત થઈ.

રાષ્ટ્રપતિએ કહ્યું, ભારત અંગોલા સહિત તમામ આફ્રિકન દેશો સાથે ગાઢ સંબંધો ધરાવે છે. તેમણે આફ્રિકામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતામાં અંગોલાની ભૂમિકાની પ્રશંસા કરી. અને કહ્યું કે, આતંકવાદ માનવતા માટે ગંભીર ખતરો છે અને તેની સ્પષ્ટ રીતે નિંદા કરવી જોઈએ.

**(BYTE: MURMU)**

# PAKISTANI SHIPS BANNED

પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાની જહાજો, વેપાર અને ટપાલ સેવાઓ પર પ્રતિબંધ મૂક્યા છે

ભારતે ભારતીય બંદરોમાં પાકિસ્તાની જહાજોના પ્રવેશ પર પ્રતિબંધ સાથે ભારતીય જહાજોને પાકિસ્તાની બંદરોની મુલાકાત લેવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાનનો ધ્વજ લહેરાવતા કોઈપણ જહાજને કોઈપણ ભારતીય બંદરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં, તથા ભારતીય ધ્વજવાળા જહાજો

પણ પાકિસ્તાનના કોઈપણ બંદરની મુલાકાત લેશે નહીં. આ પ્રતિબંધો તાત્કાલિક અસરથી અને આગામી આદેશો સુધી લાદવામાં આવ્યા છે.

અગાઉ, ભારતે, પાકિસ્તાનથી થતી પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો હતો

# NTA - NEET-UG

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આજે દેશના પાંચ હજારથી વધુ કેન્દ્ર અને વિદેશના 13 શહેરોમાં રાષ્ટ્રીય પાત્રતા-સહ-પ્રવેશ પરીક્ષા- NEET (UG) 2025નું આયોજન કરવામાં આવ્યું છે. NTA એ એક નિવેદનમાં જણાવ્યું કે, સલામત અને સુરક્ષિત પરીક્ષાનું આયોજન કરવા માટે તમામ તૈયારીઓ અને વ્યવસ્થા કરવામાં આવી છે.

બપોરે બે વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી યોજાનારી આ પરીક્ષા માટે 22 લાખ સાત હજારથી વધુ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. NEET (UG) પરીક્ષા દરમિયાન ખોટી માહિતી ફેલાવતી 165 થી વધુ ટેલિગ્રામ ચેનલ અને 32 થી વધુ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. NTA એ બધા ઉમેદવારો અને તેમના વાલીઓને સતર્ક રહેવા વિનંતી કરી છે.

# SHAH-REVIEW MEET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્રણ રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓ - નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ, નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડ અને ઇન્ડિયન સીડ કોઓપરેટિવ લિમિટેડની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી.

બેઠકમાં શ્રી શાહે જણાવ્યું હતું કે, 2023માં સહકારી નિકાસ, ઓર્ગેનિક ઉત્પાદન અને ગુણવત્તાયુક્ત બીજને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ત્રણ રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી.

ગૃહમંત્રીએ નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ- NCEL માટે બે લાખ કરોડ રૂપિયાનો નિકાસ લક્ષ્યાંક નક્કી કર્યો, જેમાં ભારતમાંથી નિકાસ ન થતા ત્રણ ચોક્કસ ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેમણે સહકારી સંસ્થાઓને તમામ નિકાસ NCEL દ્વારા કરવા નિર્દેશ આપ્યો.

શ્રી શાહે કઠોળની આયાત માટે આફ્રિકા અને મ્યાનમારમાં NCEL ઓફિસો સ્થાપવા, વૈશ્વિક માંગને સમજવા અને તેમની પુરવઠા ક્ષમતાઓ શેર કરવા માટે વેબસાઇટ બનાવવાનું પણ સૂચન કર્યું.

# WAVES LAST DAY

મુંબઈમાં યોજાયેલ વિશ્વ શ્રવ્ય દ્રશ્ય અને મનોરંજન સંમેલન-વેવ્ઝ 2025નું આજે સમાપન થશે. આજે સંમેલનના અંતિમ દિવસે ફિલ્મ નિર્માણ અને સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે. ગુરુવારથી શરૂ થયેલા ચાર દિવસીય સંમેલનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. 'કનેક્ટિંગ ક્રિએટર્સ, કનેક્ટિંગ કન્ટ્રીઝ' વિષયવસ્તુ સાથે, આ સંમેલન ભારતને મીડિયા, મનોરંજન અને ડિજિટલ નવીનતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા તૈયાર છે. સંમેલનમાં 90 થી વધુ દેશોના 10 હજારથી વધુ પ્રતિનિધિઓએ ભાગ લઇ રહ્યા છે.

આ સાથે વેવ્સના ત્રીજા દિવસે, મોશન પિક્ચર એસોસિએશન-એમપીએએ ભારતના ફિલ્મ, ટેલિવિઝન અને સ્ટ્રીમિંગ ક્ષેત્રોના દેશના અર્થતંત્ર પર

**પરિવર્તનશીલ પ્રભાવને પ્રકાશિત કરતો એક અહેવાલ રજૂ કરાયો હતો. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગન અને MPA પ્રમુખ અને સીઈઓ ચાર્લ્સ રિવકિન આ પ્રસંગે હાજર રહ્યા હતા. ડૉ. મુરુગને નીતિઓ, ઉત્પાદન પ્રોત્સાહનો અને બૌદ્ધિક સંપદા સંરક્ષણ દ્વારા સમર્થિત સર્જક-પ્રથમ ઇકોસિસ્ટમ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# BADRINATH DHAM

**ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં બદ્રીનાથ ધામના પવિત્ર કપાટ આજે સવારે છ વાગ્યે પરંપરાગત પૂજા-વિધિ સાથે ખોલવામાં આવ્યા. ભગવાન ઉદ્ધવ અને ગરુડની ઉત્સવ ડોલી અને આદિ ગુરુ શંકરાચાર્યજીની ગાદી આજે બદ્રીનાથ ધામ પહોંચી ગઈ છે. જ્યારે ભગવાન કુબેરની ઉત્સવ ડોલી રાત્રે વિશ્રામ માટે બામણી ગામમાં આવેલી મા નંદા દેવી મંદિર પહોંચી છે.**

**દરમિયાન બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ દ્વારા મંદિરનો ફૂલોથી શણગાર કરાયો છે. ધામમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનું આગમન શરૂ થઈ ગયું છે.**

# RAILWAYS CHARDHAM YATRA

ભારતીય રેલ્વેએ ચાર ધામ યાત્રા માટે ભારત ગૌરવ ડિલક્સ ટ્રેન શરૂ કરી છે. આ ટ્રેન બદ્રીનાથ, જોશીમઠ, ઋષિકેશ, પુરી, કોણાર્ક, રામેશ્વરમ, દ્વારકા જેવા ધાર્મિક સ્થળો ઉપરાંત કાશી વિશ્વનાથ, ભીમશંકર, ત્ર્યંબકેશ્વર જેવા અન્ય ધાર્મિક સ્થળોને આવરી લેશે. આ ટ્રેન કુલ આઠ હજાર 425 કિલોમીટરનું અંતર કાપશે. આ ખાસ ટ્રેન આ મહિનાની 27મી તારીખે દિલ્હીના સફદરજંગ રેલ્વે સ્ટેશનથી ઉપડશે અને 17 દિવસમાં દેશના ચારેય ધામો અને અન્ય ધાર્મિક સ્થળોને આવરી લેશે. મુસાફરો ટ્રેનની ટિકિટ I.R.C.T.C. વેબસાઇટ પર બુક કરાવી શકશે.

# KHELO INDIA

ખેલો ઇન્ડિયા યુવા રમતોત્સવનો આજે બિહારના પટના ખાતે પ્રારંભ થશે. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. આ રમતો 15મે સુધી યોજાશે, આ સ્પર્ધામાં 18 વર્ષથી ઓછી ઉંમરના આઠ હજાર 500થી વધુ યુવાઓ ભાગ લેશે પટના, રાજગીર, ગયા, ભાગલપુર અને બેગુસરાય સહિત છ અલગ અલગ શહેરોમાં કુલ 28 રમતો રમાશે.

ઉદ્ઘાટન સમારોહમાં બિહારના વારસા અને ઇતિહાસનું પ્રદર્શન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એક વીડિયો સંદેશ દ્વારા સહભાગીઓને સંબોધિત કરશે. દૂરદર્શન સ્પોર્ટ્સ તમામ ઇવેન્ટ્સનું પ્રસારણ કરશે, આ ઉપરાંત ખેલો ઇન્ડિયા ઇવેન્ટ્સનું ઓલિમ્પિક્સ દ્વારા તેના વેબ પોર્ટલ દ્વારા લાઇવ પ્રસારણ કરવામાં આવશે.

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ...

<u>(ધર્મેન્દ્ર- વોઈસ કાસ્ટ)</u>

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના મોટાભાગના અખબારોમાં ભારતે પાકિસ્તાન પર કરેલી વધુ એક સ્ટ્રાઈક અને દેશ સહિત રાજ્યભરમાં યોજાનાર નીટની પરિક્ષાના સમાચાર જોવા મળી રહ્યા છે....

2) ગુજરાત સમાચારની હેડલાઈન છે- પાકિસ્તાન સાથે લડાઈ નહીં, બૌદ્ધિક ઠંડુ યુદ્ધ....

3) નવગુજરાત સમય પહેલા પાને લખે છે, પાકિસ્તાનથી તમામ પ્રકારની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ...

4) રાજસ્થાન પત્રિકા લખે છે, પાક પર એક ઔર સ્ટ્રાઈક, સભી તરહ કા આયાત રોકા...

5) દિવ્ય ભાસ્કર અખબારનું મુખ્યશીર્ષક છે, અમેરિકામાં ટેરિફનો અમલ થાય તે પહેલા હિસ્ટોરિકલ એક્સપોર્ટ, 5 દિવસમાં અમેરિકામાં રૂપિયા 4,200 કરોડના હીરા ઝવેરાત મોકલાયા....

6) સંદેશ સમાચારના પહેલા પાનાં પર આતંકવાદ માનવતા માટે ખતરો, નક્કર કાર્યવાહી કરીશું – મોદી આ સમાચાર વાંચવા મળી રહ્યા છે.

7) દિવ્યભાસ્કરે લખ્યું છે કે નીટમાં 650 પ્લસ માર્કસ અપાવવાના ષડયંત્રમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને ઈન્દોરનાં 5 દલાલની સંડોવણી...

8) આ સાથે જ સ્થાનિક સમાચારોને પણ તમામ અખબારોએ મહત્વનું સ્થાન આપ્યું છે... જેમાં ગીર સોમનાથના કલેક્ટર, જૂનાગઢના ડિડિઓ સહિત 18 આઈએએસની બદલી.....અમદાવાદમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી....રાજ્યના 85 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ આજે નીટ-યુજીની પરીક્ષા આપશે.... અને ખેડબ્રહ્માના હિંગટિયા નજીક એસટી બસ, જીપ અને બાઈક વચ્ચે ટ્રીપલ અકસ્માતમાં બાળકી સહિત 6ના કરૂણ મોત...